# જાહેરનામું

**પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાં હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૪૭૯/૨૦૧૫**
**તા.૨૯/૦૬/૨૦૧૫**

હું શિવાનંદ ઝા પોલીસ કમિશ્નરશ્રી,અમદાવાદ શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને. ૧૯૫૧ નંબર ૨૨ ની પેટા કલમ (૩૩) (૧) (બી) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેરમાં આગામી તા.૧/૭/૨૦૧૫ ના રોજ "બંધુત્વ સ્મારક ઉદઘાટન" સમારોહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનાઓ પધારનાર હોઇ જેથી ટ્રાફિક વ્યવસ્થા યોગ્ય રીતે જળવાઇ રહે તે સારુ નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ** :-

અમદાવાદ શહેર વિસ્તારમાં તા.૧/૭/૨૦૧૫ ના રોજ "બંધુત્વ સ્મારક ઉદઘાટન" સમારોહમાં માનનીય મુખ્યમંત્રીશ્રીનાઓ પધારનાર હોઇ આ કાર્યક્રમનાં ઉદઘાટન પ્રસંગે અન્ય મહાનુભાવશ્રીઓ પધારનાર છે. જેથી આ કાર્યક્રમ દરમ્યાન ટ્રાફીકની કોઇ વિકટ સમસ્યા ઉભી ન થાય તેમજ કાર્યક્રમમાં આવનાર મહાનુભાવશ્રીઓને તથા જાહેર જનતાને અગવડ ન પડે તે સારુ આ કાર્યક્રમ દરમ્યાન તા.૦૧/૦૭/૨૦૧૫ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાથી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી રાયખડ ચાર રસ્તાથી જયશંકર સુંદરી હોલ ત્રણ રસ્તા થઇ ગાયકવાડ હવેલી મેઇન ગેટ થઇ ખાંનજા દરવાજા થઇ જમાલપુર દરવાજા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહનોની અવરજવર માટે બંધ રહેશે.

**વૈકલ્પિક માર્ગ** : રાયખડ ચાર રસ્તાથી ખમાસા ચાર રસ્તા થઇ વૈશ્યસભા થઇ જમાલપુર પગથીયા થઇ જમાલપુર દરવાજા થઇ જમાલપુર ચાર રસ્તા તરફ આવ-જા કરી શકશે.

**અપવાદ** : એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ તેમજ વી.વી.આઇ.પી. મુવમેન્ટ વખતે જરુર જણાયે બેરીકેડ ખોલી જઇ શકાશે.

આ જાહેરનામાનો અમલ તા.૧/૦૭/૨૦૧૫ ના રોજ કલાક ૧૬.૦૦ વાગ્યાથી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ- ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૯/૦૬/૨૦૧૫ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા.૨૯/૦૬/૨૦૧૫
અમદાવાદ શહેર

City Commissioner of Police Ahmedabad

(શિવાનંદ ઝા)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના :

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, ઘી કાંટા, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ, ગુ.રા.ગાંધીનગર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર. (૫ નકલ)

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર (૫ નકલ)

ચીફ·મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર. (૫ નકલ)

(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

<u>નકલ રવાના :</u>

(૧) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી,સેકટર-૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક , વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ

(૨) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/- જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મંદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.